# દરિયાનું પાણી દરિયામાં



એક હતી ચકલી. આપણે જોઈએ છીએ એવી ચકલી નહિ, એનાથી નાની. રંગે કાળી. બહુ રૂપાળી. બોલે ઝીણું ઝીણું. બોલે મીઠું મીઠું. કૂદકા મારે ઠુમક ઠુમક. ઊડે લહેરાતી ડાળીએ. ઝૂલે ઝૂલ ઝૂલ. એને ચકલી ન કહેવાય. એને કહેવાય દેવચકલી.

દેવચકલી એક વખત દરિયાકિનારે મોટા પથ્થર પર બેઠી હતી. એને થયું 'દરિયામાં તો કેટલું બધું પાણી છે. એ પોતાનું પાણી કોઈને આપતો હશે ?' તે દરિયાને પૂછવા લાગી.

'દરિયાદાદા, દરિયાદાદા, તમને એક વાત પૂછું ?

દરિયો કહે, 'ચકલીબહેન, પૂછોને ! એક શું, બે પૂછોને !'

દેવચકલી કહે, દાદા તમારી પાસે તો કેટલું બધું પાણી છે. તમે આ પાણી કોઈને આપો છો ખરા ?

દરિયો ધૂ.. ધૂ.. કરીને હસી પડ્યો. એણે કહ્યું, 'ચકલીબહેન, હું તો રોજ પાણી આપું છું. ખૂબ ખૂબ પાણી આપું છું. જો, ઉપર જો. આકાશમાં જો સૂરજદાદા તપે છે. મારા પાણીની વરાળ બને છે. ઉપર આકાશમાં ઊડી જાય છે.'

ચકલી કહે, 'દાદા આકાશમાં તો પાણી દેખાતું નથી.'

દરિયો કહે, 'જો આકાશમાં પેલા કાળાં વાદળાં છે ને ? તેમાં એ આપેલું પાણી છે. સૂરજદાદા એને મીઠું બનાવી દે છે.'

દેવચકલીને તો ખૂબ નવાઈ લાગી. દેવચકલીને વાદળાં સાથે વાતો કરવાનું મન થયું. એ ઊડી. ઊંચે ઊંચે ઊડી. છેક વાદળાં સુધી પહોંચી.

દેવચકલીએ પૂછ્યું, 'વાદળભાઈ, વાદળભાઈ, તમારી પાસે પાણી છે ?'

વાદળે ગડગડાટ કર્યો. ગડ ગડ ગડ ગડ કરીને એણે કહ્યું, 'ચકલીબહેન... મારી પાસે ખૂબ પાણી છે. ઠંડુ પાણી છે. ચોખ્ખું પાણી છે.'

દેવચકલીએ પૂછ્યું, 'તમે આ પાણી કોને આપશો ?'

વાદળ કહે, 'જુઓ ચકલીબહેન, અમે બધાં દૂર દૂર પહાડો ઉપર જઈએ છીએ. ત્યાં બધું પાણી પહાડને આપી દઈશું.'

દેવચકલી ઊડતી ઊડતી પહાડ પાસે ગઈ. એણે પહાડને પૂછ્યું, 'પહાડભાઈ, તમારી પાસે પાણી છે. તમે એ કોને આપો છો ? ' પહાડ કહે, ચકલીબહેન હું પાણી ઝરણાંને આપું છું.

ચકલીબહેન ઝરણાં પાસે ગયાં. એમણે ઝરણાંને પૂછ્યું 'ઝરણાં ઝરણાં, તમે પાણી કોને આપો છો ?

ઝરણાં કહે, 'અમે પાણી નદીને આપીએ છીએ.'

ચકલીબહેન નદી પાસે ગયાં, એમણે નદીને પૂછ્યું, 'નદીમાતા, તમે પાણી કોને આપો છો ?

નદીએ કહ્યું, 'હું પાણી દરિયાને આપું છું.'

દેવચકલી નવાઈ પામી ગઈ, પાંખો ફફડાવીને મીઠી બોલીમાં ગાવા લાગી.

દરિયામાંથી વાદળમાં,
વાદળમાંથી પહાડો પર,
પહાડ પરથી ઝરણામાં,
ઝરણામાંથી નદીમાં,
નદીમાંથી દરિયામાં,
એમ દરિયાનું પાણી દરિયામાં,
ગોળ આખું ચક્કર થાય,
દરિયાનું પાણી દરિયામાં જાય.

સંકલન : સંસ્કાર સુધા